EDII

Sandesh

June 10, 2016
Page No. 4
Of City Life

# બિઝનેસ માટે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવો ખૂબ જ જરૂરી



અમદાવાદ : ૦૯ જૂન ૨૦૧૬

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈ.ડી.આઈ.આઈ.) દ્વારા નવી પેઢીમાં ઉદ્યોગસાહસિકતાના ગુણોનો વિકાસ થાય તે માટે સમર વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં ૮ રાજ્યોના ૪૫ પાર્ટિસિપન્ટ્સે ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન કેવી રીતે તમે બિઝનેસ આઈડિયાને વિકસાવી શકો તે સાથે જ કોઈ પણ બિઝનેસને સફળ બનાવવા માટે કઈ બાબતની જરૂરિયાત હોય છે તેની પણ માહિતી આપવામાં આવી હતી. સાથે જ તમે પોતાના વિચારોને કંઈક હટકે કેવી રીતે વિચારી શકો તેની પણ માહિતી આપવામાં આવી હતી.

કેમ્પ દરમિયાન સ્ટુડન્ટ્સે નેતૃત્વ, ટીમવર્ક, સંશોધન પ્રવૃત્તિ, જેવી કળાને પણ વિકસાવવાનો પ્રયત્ન કર્યો હતો.

**ઇ.ડી. આઇ.આઇ. ખાતે યોજાયેલા સમર વર્કશોપમાં બિઝનેસને સફળ બનાવવા માટેના સક્સેસ ફંડા શેર કરવામાં આવ્યાં**

પાર્ટિસિપન્ટ્સને કરિયર કાઉન્સેલિંગ અને સાઈકોમેટ્રિક પ્રોફાઈલ દ્વારા પોતાની આંતરિક ક્ષમતાને ઓળખવાની પણ તક આપવામાં આવી હતી.

સમર કેમ્પના સમાપન સમારંભમાં ઈ.ડી.આઈ.ના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકતા એક ધંધા કરતા ઘણી વિશેષ છે. ઉદ્યોગ સાહસિક જ ખરેખર જોખમનું મહત્વ સમજી શકે છે. પરંતુ તેના સિવાય કોઈ રસ્તો પણ નથી. બિઝનેસ માટે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય ખૂબ જ મહત્ત્વનો હોય છે.